# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : વિરલ રાણા

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૦૬–૦૪–૨૦૨૪ સમય : સવારે ૬.૫૦**

---

**આર. બી. આઈ. :**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે , 2024-25 માટે કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ ફુગાવો 4.5 ટકા રહેવાનો અંદાજ છે. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે આજે દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતી વખતે જણાવ્યું હતું કે, સીપીઆઈ ફુગાવો એપ્રિલ 2022માં 7.8 ટકાની ટોચે પહોંચ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે , ફુગાવો નોંધપાત્ર રીતે નીચે આવ્યો હોવા છતાં તે 4 ટકાના લક્ષ્યાંક કરતાં વધુ છે.

**વિરલ રાણા**

---

**આર.બી.આઈ. : યુપીઆઈ :**

ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં UPI નો ઉપયોગ કરીને કેશ ડિપોઝિટ મશીન દ્વારા રોકડ જમા કરવાની મંજૂરી આપશે. અત્યાર સુધી UPI નો ઉપયોગ મુખ્યત્વે પૈસા ઉપાડવા અથવા મની ટ્રાન્સફર માટે થાય છે.

ગવર્નર શક્તિકાંત દાસે આજે જણાવ્યું હતું કે, આ પગલાથી ગ્રાહકોની સુવિધામાં વધુ વધારો થશે અને બેંકોમાં કરન્સી હેન્ડલિંગ પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બનશે.

**વિરલ રાણા**

---

## ચુટણી કમિશ્નર :

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમારે મતદાનની ટકાવારી વધારવા માટે પસંદ કરેલા જીલ્લાઓના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓને દર મતદાન કેન્દ્ર દીઠ કાર્યયોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો છે તેમણે શહેર અને ગ્રામીણ .વિસ્તારો માટે જુદી જુદી કાર્યનિતી - મુખ્ય ચૂંટણી કમિશ્નરે આજે નવી દિલ્હીમાં ગઇ વખતની ચૂંટણી દરમિયાન . બનાવવાનું કહ્યું છે મતદારોની ભાગીદારી ઓછી હતી, તેવા 11 રાજ્યોના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓની સાથે બેઠક કરી.

મુખ્ય ચૂંટણી અધિકારીએ , મતદારો, લોકતંત્રના મહાપર્વ ચૂંટણીમાં ભાગ લેવા બદલ ગૌરવ અનુભવે તે રીતે કામ કરવાનું અધિકારીઓને કહ્યું તેમણે કહ્યું કે .., ગયા વખતની ચૂંટણી વખતે ઓછું મતદાન થયું હોય તેવા 215 ગ્રામીણ અને 51 શહેરી સંસદીય ક્ષેત્રો અલગ તારવવામાં આવ્યા છે, ત્યાં મતદારો સક્રિયપણે ભાગ લે તેવા પ્રયાસો કરવામાં આવશે , તે માટે મતદાન કેન્દ્રો પર સગવડો વધારવી , મતદારો સુધી પહોંચવાના લક્ષ્યાંકને પાર પાડવું તેમજ લોકોને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ પક્ષોને સામેલ કરવા જેવી ત્રણ સૂત્રની નિતી પર ભાર મૂકવામાં આવશે.

**વિરલ રાણા**

---

## કોંગ્રેસ : ઘોષણાપત્ર :

કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટેનું ઘોષણાપત્ર જા હેર કર્યું છે પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન . ખડગે તેમજ વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી તેમજ રાહુલ ગાંધીએ આજે નવી દિલ્હીમાં બહાર પાડેલા ઘોષણાપત્રમાં દરરોજ400 રૂપિયાની ઓછામાં ઓછી મજૂરીની ગેરંટી, દરેક ગરીબ પરિવારને દર વર્ષે એક લાખ રૂપિયા , કેન્દ્ર સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે 50 ટકા બેઠકો અનામત , લઘુત્તમ ટેકારૂપ મૂલ્યની કાયદેસર બાંહેધરી અને રાષ્ટ્રીય સ્તરે , જાતિ આધારિત વસ્તી ગણતરીના વાયદાઓનો સમાવેશ થાય છે.

**વિરલ રાણા**

---

## **મતદાન જાગૃતિ :**

રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી 2024 સંદર્ભે વિવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

કચ્છ જિલ્લાની વિવિધ શાળા તેમજ કોલેજોમાં માનવ સાંકળ જેવી પ્રવૃત્તિના માધ્યમથી મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો કરતાં પણ ૬૦ સમગ્ર જિલ્લામાં . વધુ સ્થળોએ આ પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

**વિરલ રાણા**

———————————————————————————————————

## **આઈ પી એલ :**

આઇ પી એલ ની મેચ માં સંરાઈઝરસ હૈદરાબાદ ટીમે ચે નાઇ સુપર કિંગ ટીમ ને 6 વિકેટે હાર આપી હતી ચેના ઇ ટીમે 5 વિકેટે 165 રન કર્યા હતા જવાબ માં હૈદરાબાદ ટીમે 4 વિકેટ ના ભોગે 166 રન કરી મેચ જીતી લીધી હતી

**વિરલ રાણા**

———————————————————————————————————

## **હવામાન :**

ચૈત્રના આરંભે આકાર તાપના બદલે જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં **વાદળછાયું** માહોલ છે લ્લા ચાર દિવસથી છવાયેલો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે બુધ-
ગુરુ રાજ્યના કેટલાક વિસ્તારમાં માવઠું વરસવાની શક્યતા દેખાડી છે. જો કે, એમાં કચ્છનો સમાવેશ થ તો નથી.

જિલ્લામાં સરેરાશ 12થી 20 કિલોમિટરની ઝડપે પવન ફૂંકાયો હતો. કંડલા એરપોર્ટમાં ૩૫.6, કં ડલા પોર્ટમાં ૩૫.૫, ભુજમાં 34.6 અને નલિયામાં 33 ડિગ્રી તાપમાને આકરા તાપમાંથી રાહત મળી હતી .

**વિરલ રાણા**

——————————————————————————————————————

## ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન :

ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ઉત્તર દર્શન યાત્રા – મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર, વૈષ્ણવોદેવી યાત્રા ટ્રેનનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝન કોર્પોરેશન લિમિટેડ IRCTC દ્વારા ભારત ગૌરવ ટ્રેન 25મીએ 2024થી બીજી જૂન 2024 સુધી રહેશે. આ યાત્રા દરમ્યાન IRCTC મથુરા, શ્રીકૃષ્ણ જન્મ ભૂમિ, હરિદ્વારમાં સાંજે ગંગા આરતી, ઋષિકેશ, અમૃતસર, સુવર્ણમંદિર, વાઘાબોર્ડર અને શ્રી માતા વૈષ્ણવોદેવી મંદિર જેવા ધાર્મિક સ્થળોએ લઇ જશે. આ ટ્રેનમાં સ્લીપર, કમ્ફર્ટ કલાસ અને 3 એસી, 2એસી સુવિધાઓ છે. આ ટ્રેનનું બુકિંગ કરાવવા માટે IRCTC TOURISAM.COM પર અને અધિકૃત એજન્ટો પાસેથી ટિકિટ બુક કરાવી શકે છે.

**વિરલ રાણા**

——————————————————————————————————————

——————————————————————————————————————

**હવામાન :**

ચૈત્રના આરંભે આકાર તાપના બદલે જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં વાદળછાયું માહોલ છેલ્લા ચાર દિવસથી છવાયેલો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે બુધ-ગુરુ રાજ્યના કેટલાક વિસ્તારમાં માવઠું વરસવાની શક્યતા દેખાડી છે. જો કે, એમાં કચ્છનો સમાવેશ થતો નથી.

જિલ્લામાં સરેરાશ 12થી 20 કિલોમિટરની ઝડપે પવન ફૂંકાયો હતો. કંડલા એરપોર્ટમાં ૩૫.6, કંડલા પોર્ટમાં ૩૫.૫, ભુજમાં 34.6 અને નલિયામાં 33 ડિગ્રી તાપમાને આકરા તાપમાંથી રાહત મળી હતી.

**વિરલ રાણા**

---